આયાતી ડામરના વપરાશ અનેપરીક્ષણ બાબત.

ગુજરાત સરકાર
પરિપત્ર ક્રમાંક:- એસટીઆર/૧૦૨૦૦૬/૧૫૭૭/૮/હ
માર્ગ અને મકાન વિભાગ
સચિવાલય ગાંધીનગર
તા.૨૨/૧૧/૨૦૧૭

સંદર્ભ : ૧) સરકારશ્રીના પરિપત્ર ક્રમાંક: એસટીઆર/૧૦૨૦૦૬/૧૫૭૭/૮/હ તા. ૦૨/૦૯/૨૦૦૮
૨) સરકારશ્રીના પરિપત્ર ક્રમાંક: એસટીઆર/૧૦૨૦૦૬/૧૫૭૭/૮/હ તા. ૦૮/૧૨/૨૦૦૮

**-: આમુખ :-**

માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્યના રસ્તાઓનું બાંધકામ અને તેની મરામત અને જાળવણી અંગેની કામગીરીમાં આયાત ડામરનો વપરાશ કરવા બાબતે મા.મ.વિ.ના સંદર્ભ-૧) અને સંદર્ભ-૨) ના સરખા ક્રમાંકના તા. ૦૨/૦૯/૨૦૦૮ અને તા. ૦૮/૧૨/૨૦૦૮ થી મંજૂરી આપવામાં આવેલ છે.ગુજરાત રાજ્ય કોન્ટ્રાક્ટર એસોસીએશન દ્વારા તાજેતરમાં ડામરના પુરવઠા બાબતે અને પ્રવર્તમાન આયાતી ડામરની પરીક્ષણની પધ્ધતિ બાબતે રજૂઆત કરવામાં આવેલ.ઉક્ત રજૂઆતો તથા ડામર સપ્લાયની પરિસ્થિતિ જોતાં આયાતી ડામરના વપરાશ અને પરીક્ષણ બાબતે નીચે મુજબ પરિપત્ર કરવામાં આવે છે.

**-: પરિપત્ર : -**

(૧) આયાતી ડામરના વપરાશ માટે માન્યતા આપવા માટે મૂળ વિદેશી ઉત્પાદકો કે જેઓ VG Grade ડામર બનાવે છે તેઓને જ માન્ય ગણવા. એટલે કે, જે તે વિદેશી રીફાઇનરી પોતે VG Grade ડામર બનાવતી હોય તેવા ડામરના ઉપયોગને જ છૂટ આપવામાં આવે છે.

(૨) અધિકૃત આયાતકારો કે જેઓ આ વિદેશી રીફાઇનરી સાથે અધિકૃત સંકળાયેલા હોય તેઓ દ્વારા VG Grade ડામર આયાત થયેથી સીધો તેઓની પાસેથી ખરીદી વિભાગના કોન્ટ્રાકટરો કામ માટે વાપરી શકાશે. હાલના પરિપત્ર પ્રમાણે આયાતી ડામરનું ગેરીમાં જ પરીક્ષણ કરાવવાનું રહે છે. પરીક્ષણના પરિણામ મળ્યા બાદ જ આયાતી ડામર ઉપયોગમાં લેવાનું ઠરાવવામાં આવેલ છે. જેમાં સામાન્યતઃ ૭ થી ૧૦ દિવસનો સમય વ્યતીત થતો હોવાનું અનુભવે જણાયેલ છે. જેની કામગીરીની પ્રગતિ ઉપર વિપરીત અસર પાડી શકે. જે ધ્યાને લેતાં, આયાતી ડામરના પરીક્ષણ માટે નીચે મુજબની પધ્ધતિ અપનાવવાનું ઠરાવવામાં આવે છે.

(I) ગેરી ઉપરાંત સરકારી ઇજનેરી કોલેજોમાં કે જ્યાં ડામરનું પરીક્ષણ થઇ શકતું હોય તેવી સંસ્થાઓમાં આયાતી ડામરનું પરીક્ષણ કરાવી શકાશે.

(II) ડીમ્ડ યુનિવર્સિટીઓ તથા NIT માં પણ આયાતી ડામરનું પરીક્ષણ કરાવી શકાશે.

(III) પરીક્ષણના પરિણામ/રીપોર્ટ આપવામાં સમય જતો હોઇ, પરીક્ષણ આવ્યા પહેલાં આયાતી ડામર વાપરી શકાશે પરંતુ, સંબંધિત કોન્ટ્રાકટર દ્વારા ખાત્રી આપવાની રહેશે કે જો પરીક્ષણમાં જે તે જથ્થો જો નાપાસ થાય તો તે જથ્થો વાપરેલ છે તેટલું કામ કોન્ટ્રાકટરે ફરીથી સ્વખર્ચે કરવાનું રહેશે.

(IV) આયાતી ડામરના કિસ્સામાં ભાવ તફાવતની ગણતરી માટે અધિકૃત વિક્રેતા પાસેથી ખરીદભાવ અથવા તે સમયનો EX.Refinery (ભારત સરકારના જાહેર સાહસ આઇ.ઓ.સી., એચ.પી. વગેરે) ભાવ એ બેમાંથી ભાવ ઓછો હોય તેની સાથે સ્ટાર રેટનો તફાવત ગણી ચૂકવવા કે વસૂલ કરવાનું રહેશે.

(૩) આયાતકાર દ્વારા કોન્ટ્રાકટરને સપ્લાય કરવામાં આવતા આયાતી ડામરની CRC/Bill invoice ત્રણ કોપીમાં આપવાનું રહેશે તથા તેમાં તે ડામરના તેઓની લેબોરેટરીના ટેસ્ટીંગ રીઝલ્ટ પ્રમાણિતમાં કરીને આપવાનાં રહેશે.

(૪) આયાતી ડામરના અધિકૃત આયાતકાર પાસે ડામરના ટેસ્ટીંગ માટેની લેબોરેટરી હોવી જોઇશે.

(૫) વિદેશી રીફાઇનરીના જે તે બેચના ટેસ્ટીંગ રીઝલ્ટ પણ CRC સાથે આપવાના રહેશે. જે ભારતીય માનાંક પ્રમાણે હોવા જરૂરી છે.

(૬) આયાતી ડામરના જથ્થા બાબતે તેમજ તેની આયાતી પોલીસી બાબતે વિભાગ દ્વારા વિભાગના અધિકૃત પ્રતિનિધી દ્વારા જયારે જરૂર જણાય ત્યારે ભારત સરકારના સંબંધિત વિભાગો સાથે જરૂરી ચકાસણી કરી શકાશે અને એ માટે જો કોઇ દસ્તાવેજો/પુરાવાની જરૂરિયાત હોય તો તે સંબંધિત કોન્ટ્રાકટર દ્વારા આયાતકાર પાસેથી મેળવી આપવાની બાહેધરી આપવાની રહેશે.

આ પરિપત્ર આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી(મા.મ) ની તા.૨૧/૧૧/૨૦૧૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.બી.નગાણી)
ખાસ ફરજ પરના અધિકારી (ચં.ઓ)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

માર્ગ અને મકાન વિભાગ હેઠળના સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ(પંચાયત,મા.મ વર્તુળ સહિત )

નકલ રવાના :-

- સર્વે કાર્યપાલક ઇજનેરશ્રી ( પંચાયત અને મા.મ. વિભાગો સહિત)
- સર્વે મુ.ઇ અને અ.સ.શ્રીઓ માર્ગ અને મકાન વિભાગ
- વિભાગના દરેક તાંત્રિક અધિકારીશ્રીઓ
- વિભાગની દરેક તાંત્રિક શાખાઓ
- નાણાં શાખા મા.મ.વિભાગ સચિવાલય ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ ૨૦૧૭